અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૫ | ૩ નવેમ્બર, ૨૦૨૦, મંગળવાર; નિ. આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતે વેક્સિનના ૬૦ કરોડ ડોઝ ખરીદ્યા

## કોરોનાના સંક્રમણની વચ્ચે રાહતના સમાચાર : ઉચ્ચ અને મધ્યમ આવકવાળા કેટલાંય દેશોના ૮ ઓક્ટોબર સુધીમાં અંદાજે ૩.૮ અબજ ડોઝના બુકિંગ : અમેરિકા દ્વારા ૮૧ કરોડ ડોઝનો પ્રિ ઓર્ડર




નવી દિલ્હી, તા. ૨

ભારતએ કોરોના વાયરસ રસીના ૬૦ કરોડ ડોઝનો પ્રી-ઓર્ડર આપી રાખ્યો છે. આ સિવાય બીજા એક અબજ ડોઝ મેળવવા માટે વાતચીત ચાલી રહી છે. એડવાન્સ માર્કેટ કમિટમેંટસના એક ગ્લોબલ એનાલિસિસમાં આ વાત સામે આવી છે. આ કેસમાં માત્ર અમેરિકા જ આનાથી આગળ છે જેને ૮૧ કરોડ ડોઝનો પ્રી-ઓર્ડર કર્યો છે. આ સિવાય પણ તેઓ વધુ ૧.૬ અબજ ડોઝ મેળવવાની કોશિષમાં છે. એનાલિસિસના મતે ઉચ્ચ અને મધ્યમ આવકવાળા કેટલાંય દેશોએ ૮ ઓક્ટોબર સુધીમાં અંદાજે ૩.૮ અબજ ડોઝનું બુકિંગ કરાવી લીધું હતું. આ સિવાય બીજા પાંચ અબજ ડોઝ માટે સોદાબાજી ચાલી રહી છે. ભારતની પાસે એડવાન્ટેજ એ પણ છે કે આ રસી બનાવવાના મામલામાં દુનિયામાં નંબર વન છે અને તેને આ ક્ષમતાનો ફાયદો ચોક્કસ મળશે.


અમેરિકાના ડ્યૂક ગ્લોબલ હેલ્થ ઈનોવેશન સેન્ટરના મતે ૮ ઓક્ટોબર સુધીમાં કોરોના

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકામાં કોણ બનશે રાષ્ટ્રપ્રમુખ ? ટ્રમ્પ કે બિડન

વોશિંગ્ટન,તા.૨

વિશ્વભરમાં કોરોનાનો પ્રકોપ અમેરિકામાં સૌથી વધુ છે. આ બધાની વચ્ચે અમેરિકામાં રષ્ટ્રપતિ ચૂંટણી પણ યોજાવાની છે. ડેમોક્રેટ ખેમા જ્યાં કોરોનાથી નિપટવામાં ટ્રમ્પની નીતિઓને નિષ્ફળ બતાવી રહ્યા છે. તો બીજી બાજૂ ડોનાલ્ડ ટ્રમ્પ ચીની વાયરસના બહાને વિરોધીઓ પર નિશાન સાધી રહ્યા છે. અમેરિકમાં આવતીકાલે ચૂંટણી છે. ગયા વખતે જેમ આ વખતે પણ ટ્રમ્પ સર્વેમાં પાછળ છે. પરંતુ તેઓ બાજી પલટવાનો દાવો કરી રહ્યા છે. બિડેન ટ્રમ્પના મુદ્દને જોર-શોરથી ઉઠાવી રહ્યા છે. અને ટ્રેપના વોટ બેંક પર અસર કરી છે. અમેરિકી ચૂંટણીમાં પ્રથમવાર ભારતીય મુળના મતદારો મોટી તાકાત બનીને ઉભર્યા છે. ૧૬ રાજયોમાં તેની કુલ અમેરિકી વસ્તીના એક ટકાથી વધુ છે પરંતુ મહત્વની વાત એ છે કે ૧૩ લાખ ભારતીય તે રાજયોમાં રહે છે. અને કાંટે કી ટક્કર રહેશે. એવામાં કોઈપણ પક્ષ માટે એક-એક મત કિંમતી બને છે યાદ રહે કે ભારતીય વડાપ્રધાને અમેરિકામાં એક કાર્યક્રમ દરમ્યાન હાલમાં ટ્રમ્પ સરકારનો નારો લગાવ્યો હતો. ટ્રેપ પણ અવાર-નવાર ભારત પ્રત્યે પ્રેમ વ્યકત કરતા



નજરે પડયા છે.

અમેરિકામાં ૨૪ કરોડ મતદાતા છે ૨૮ ઓકટોબર સુધીમાં ૭.૫ કરોડથી વધુ મત નાખવામાં આવી ચૂકયા છે. ૨૦૧૬ માં અર્લી મતદાનથી ૫ કરોડથી વધુ લોકોએ મત આપ્યા હતાં.

● અનુસંધાન પાન-૭ પર

# અડવાણી-અમરિંદરસિંહની સામે મોતનો ફતવો

## જસ્ટિસ ફોર શીખે ફરી વિવાદાસ્પદ પોસ્ટર જાહેર કર્યું : મામલાની ભારે ગંભીરતાને જોતા ભારતની ઈન્ટેલિજન્સ એજન્સીઓ એલર્ટ પર, સુરક્ષા સાથેના મુદ્દા ઉપર નજર

નવી દિલ્હી, તા. ૨

ખાલિસ્તાની આતંકી સંગઠન 'જસ્ટિસ ફોર શીખ્સ'એ ફરી એકવાર વિવાદાસ્પદ પોસ્ટર જાહેર કર્યા છે. તેમણે વિવાદાસ્પદ પોસ્ટર જાહેર કરીને પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ સહિત ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની વિરુદ્ધ મોતનો ફતવો જાહેર કર્યો છે. જોકે આ મામલા પર સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લઈ ભારતની ઈન્ટેલિજન્સ એજન્સી એલર્ટ છે. એજન્સીઓ આ મામલા પર ગંભીરતાથી નજર રાખી રહી છે.

ભારત સરકાર અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ

● અનુસંધાન પાન-૭ પર



# માસ્કને કાયદાકીય રીતે ફરજિયાત બનાવનારૂં રાજસ્થાન પ્રથમ રાજ્ય

## કોરોના સામેની લડાઈમાં રાજસ્થાનનું કડક વલણ : ગહેલોત સરકારે કોરોનાને અનુલક્ષીને રાજ્યમાં ફટાકડા બનાવવા, વેચવા અને ફોડવા ઉપર પ્રતિબંધ લાદી દીધો



નવી દિલ્હી, તા. ૨

રાજસ્થાનની અશોક ગહલોત સરકાર કોરોના વાયરસ વિરુદ્ધની લડાઈમાં ખૂબ જ સખતાઈ અપનાવી રહી છે. રાજ્યમાં ફટાકડા અને આતિશબાજી પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કર્યા બાદ હવે ત્યાં માસ્કને કાયદાકીય રીતે જરૂરી બનાવવાની કયાવત શરૂ થઈ ગઈ છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે સોમવારના રોજ ટ્વીટ કરીને જણાવ્યું કે તેમની સરકાર આજથી જ કાયદો બનાવીને માસ્કને ફરજિયાત કરવા જઈ રહી છે.

અશોક ગેહલોતે ટ્વીટ કરીને લખ્યું કે, દેશભરમાં કોરોનાથી બચવના માટે માસ્કની જરૂરિયાતના ધ્યાનમાં રાખીને માસ્કને ફરજિયાત બનાવવા માટેનો કાયદો ઘડનાર રાજસ્થાન પહેલું રાજ્ય હશે, કારણ કે કોરોનાથી બચવા માટે માસ્ક એ જ રસી છે અને એ જ આપણને કોરોનાના સંક્રમણમાંથી બચાવશે. રાજ્યમાં ચાલી રહેલા કોરોના વિરુદ્ધ જનાંદોલન સાથે જ સરકાર આજે કાયદો બનાવીને માસ્કને ફરજિયાત કરવા જઈ રહી છે. જેનો અર્થ થાય છે કે સોમવારથી રાજસ્થાનામં બધા જ લોકોએ માસ્ક પહેરવું તે ફરજિયાત થઈ ગયું છે. આવો કાયદો બનાવનાર રાજસ્થાન એ પહેલું રાજ્ય છે.

# કરાંચીમાં પ્રાચિન હિન્દુ મંદિરમાં તોડફોડ

કરાચી,તા.૨

પાકિસ્તાનની આર્થિક રાજધાની કચારીમાં કટ્ટરપંથીઓની ભીડે એક બાળક પર પયગંબરની નિંદાનો આરોપ લગાવ્યો અને એક પ્રાચીન મંદિરમાં ખુબ તોડફોડ કરી હતી. લ્યારી વિસ્તારમાં થયેલી આ ઘટનામાં કટ્ટરપંથીઓની ભીડે પહેલા હિન્દુઓ પર નિંદાનો આરોપ લગાવ્યો અને પછી કેટલાક લોકોએ પ્રાચીન મંદિરમાં તોડફોડ કરી હતી. આ દરમિયાન મંદિરમાં રાખવામાં આવેલી ભગવાન ગણેશ અને શિવજીની મૂર્તિઓને તોડી નાખી હતી. કટ્ટરપંથીઓએ કોઈ પૂરાવા વગર હિન્દુ બાળક પર નિંદાનો આરોપ લગાવ્યો હતો. સ્થાનીક હિન્દુ સમુદાયે આરોપ લગાવ્યો કે તેમને ત્રાસ આપવામાં

**ભગવાન ગણેશની પ્રતિમાને તોડી : કરાચીની ઘટના પહેલા સિંધ પ્રાંતના થારપારકરમાં સ્થિત નાગારપારકરમાં લોકોએ દુર્ગા માતાની મૂર્તિને ખંડિત કરી**

આવી રહ્યો છે. જાણવા મળી રહ્યું છે કે આ મંદિર કરાચીના ભીમપુરા વિસ્તારની લી માર્કેટમાં આવેલું છે. એટલું જ નહીં મંદિરની અંદર લાગેલી ભગવાનની તસવીરોને પણ ફાડી દેવામાં આવી હતી. છેલ્લા ૨૦ દિવસમાં હિન્દુ મંદિરમાં તોડફોડની આ ત્રીજી ઘટના છે. મહત્વનું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ અને તેમના મંદિરો પર સતત હુમલા થઈ રહ્યાં છે. કરાચીની ઘટના પહેલા સિંધ પ્રાંતના થારપારકર જિલ્લામાં સ્થિત નાગારપારકરમાં ધર્માંધ લોકોએ દુર્ગા માતાની મૂર્તિને ખંડિત કરી દીધી હતી. આ હુમલાખોરોએ મંદિરમાં મોટું નુકસાન પહોંચાડ્યું હતું. મંદિરના પૂજારીએ જણાવ્યું કે, અડધી રાત્રે અજાણ્યા લોકો મંદિર પરિસરમાં ઘુસ્યા હતા. ત્યારબાદ તેમણે દરવાજાને બંધ કરી મૂર્તિને તોડી દીધી હતી. તેમણે જતા-જતા મંદિરને પણ નુકસાન પહોંચાડ્યું હતું. અત્યાર સુધી હુમલો કરનાર વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરી નથી. મંદિરની પાસે રહેતા હિન્દુ સમુદાયે આ ઘટના પર ગુસ્સો વ્યક્ત કરતા જલદી દોષિતો વિરુદ્ધ કાર્યવાગીની માગ કરી છે.

# નંદબાબાના મંદિરમાં નમાજ પઢનારા બેની સામે ફરિયાદ

## દિલ્હીના યુવાનોની હરકતથી લોકોમાં નારાજગી : નંદગાંવના મંદિરમાં બે મિત્રોએ નમાજ પઢીને તેની તસવીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દેતા હોબાળો



મથુરા, તા. ૨

ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લામાં પાછલા દિવસોમાં બ્રજ ચોરાસી કોસની યાત્રા કરી રહેલા દિલ્હીના રહેવાસી ફૈજલ ખાન અને તેના એક મિત્રએ નંદગાંવના નંદનબાબા મંદિરમાં નમાજ પઢીને તેની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધી. આ સંબંધમાં ચાર લોકોની વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. બીજીબાજુ આ કેસ પર યુપીના મંત્રી શ્રીકાંત શર્માએ કહ્યું કે આ અસામાજિક તત્વોનું કામ છે, આવા લોકોને કડકાઈથી કાર્યવાહી કરાશે.

પોલીસના જણાવ્યા મુજબ મંદિરના એક સેવકની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસે આરોપી ફૈઝલ ખાન, તેના મુસ્લિમ મિત્ર અને બે હિન્દુ સાથીઓ વિરૂદ્ધ ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડવાનો, ધાર્મિક સંપ્રદાયોની વચ્ચે અણબનાવ ઉભો કરવાનો, સમાજમાં એવો ડર પેદા કરવો જેના કારણે માહોલ ખરાબ થવાની આશંકા ઉભી થાય અને ઉપાસના સ્થળને અપવિત્ર કરવા જેવા આરોપોમાં કેસ દાખલ કર્યો છે. બરસાના પોલીસ મથકના પ્રભારી આઝાદ પાલસિંહે જણાવ્યું કે, નંદભવનના સેવકોએ જણાવ્યું કે ગુરુવારે બપોરે ત્રણ યુવકો નંદ ભવન પહોંચ્યા હતા. તેમાંથી એકે પોતાને દિલ્હીના રહેવાસી ફૈઝલ ખાન તરીકે ઓળખ આપી. તેમણે બધાને કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર

# ઓડિશાના રાજ્યપાલ ગણેશ લાલ કોરોનાથી સંક્રમિત

કટક,તા.૨

ઓડિશાના રાજ્યપાલ પ્રોફેસર ગણેશ લાલ કોરોના વાઈરસથી સંક્રમિત થયા છે. રાજ્યપાલની સાથે સાથે તેમના પત્ની અને પરિવારના ૪ અન્ય સભ્યો પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. રાજ્યપાલને એક ખાનગી હોસપ્ટિલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

# WHOના ચીફ કોરોનાના દર્દીના સંપર્કમાં આવતા ક્વોરન્ટાઈન થયા

## પ્રમુખે ટ્વિટ કરીને લોકોને માહિતી આપી : હાલ કોરોનાના કોઈ લક્ષણ ન હોવા છતાં ડબલ્યુએચઓ પ્રમુખ પોતે જ પ્રોટોકોલ્સ મુજબ ક્વોરેન્ટાઈન થઈ ગયા

નવી દિલ્હી, તા. ૨

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ટેડ્રોસ અડનોમ ઘ્રેબ્રાયસસએ રવિવારે મોડી રાત્રે ટ્વીટ કરીને તેમણે કોરોના વાયરસ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. જ્યારબાદ તેમણે પોતાની જાતને ક્વોરન્ટાઈન કરી લીધી છે. તેમજ તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, હાલમાં તેમના શરીરમાં કોરોનાના કોઈ લક્ષણો જોવા નથી મળી રહ્યા.



ટેડ્રોસે ટ્વીટ કરીને કહ્યું કે, હું એકદમ સ્વસ્થ્ય છું અને મારામાં કોરોના વાયરસના કોઈ જ લક્ષણો નથી જોવા મળી રહ્યા, તેમ છતા પણ મેં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રોટોકોલ્સ પ્રમાણે પોતાને થોડા દિવસ માટે ક્વોરન્ટાઈન કરી દીધો છે, હું આગામી થોડા દિવસ માટે ઘરેથી જ કામ કરશે. આપણે બધા સ્વાસ્થ્યના નિતિ-નિયમોનું

● અનુસંધાન પાન-૭ પર

# રેલવેને ઓક્ટોબરમાં ૧૦૪૦૫ કરોડ રૂપિયાની નૂરની આવક

નવી દિલ્હી, તા. ૨

કોરોના કાળ પછી રેલેવેની નૂરની આવ૧કમાં ઓક્ટોબર મહિનામાં વધારો થયો છે. નૂરના લોડિંગમાં આશરે ૧૫ ટકાનો વધારો થતાં તેનાથી આવક પણ નવ ટકા જેટલી સુધરી છે તેમ રેલવેએ જણાવ્યું છે. આ વર્ષે ઓક્ટોબરમાં ભારતીય રેલવેની લોડિંગ ૧૦.૮૨ કરોડ ટન હતી, જે ગત વર્ષના આ જ ગાળાના ૯.૪ કરોડ ટન લોડિંગની સરખામણીએ ૧૫ ટકા વધુ છે.

આ ગાળામાં ભારતીય રેલવેએ નૂર લોડિંગમાંથી રૂ ૧૦,૪૦૫.૧૨ કરોડની આવક કરી હતી. જે અગાઉના આ જ ગાળાના રૂ ૯,૫૩૬.૨૨ કરોડની સરખામણીએ રૂ ૮૬૮.૯ કરોડ વધુ છે. ઓક્ટોબર ૨૦૨૦માં ભારતીય રેલવેની લોડિંગ રૂ ૧.૦૮ કરોડ ટન હતી. જેમાં રૂ ૪.૭ કરોડ ટન કોલસા, રૂ ૧.૫ કરોડ ટન કાચું લોખંડ, ૫૦ લાખ ટન અનાજ,રૂ ૬૦ લાખ ટન ખાતર અનેરૂ ૬૬ લાખ ટન સીમેન્ટનો સમાવેશ થાય છે તેમ રેલવેએ જણાવ્યું છે. રેલવે નૂરની હેરફેરને આકર્ષક બનાવવા માટે ભારતીય રેલવેને કન્સેશન્સ અને ડિસ્કાઉન્ટ્સ પણ આપવામાં આવી રહ્યા છે તેમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે.

# ઉત્તરપ્રદેશમાં રાજ્યસભા માટેના ૧૦ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા

## ભાજપના ૮, સપા-બસપાના એક-એક ઉમેદવારનો સમાવેશ

લખનઉ,તા.૨

ઉત્તર પ્રદેશથી રાજ્યસભા માટે ૧૦ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. તેમાં ભાજપના ૮, સપા અને બસપાના એક-એક ઉમેદવાર સામેલ છે. ભાજપમાંથી હરદીપ સિંહ પુરી, અરૂણ સિંહ, હરિદ્વાર દુબે, બૃજલાલ, નીરજ શેખર, ગીતા શાક્ય, બીએલ વર્મા અને સીમા દ્વિવેદી રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા છે. સમાજવાદી પાર્ટીમાંથી ડો. રામગોપાલ યાદવ અને બપસામાંથી રામજી ગૌતમ રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા છે.

રાજ્યસભામાં હજુ ભાજપ પાસે ૮૬ સાંસદ છે. આગામી ૨૫ નવેમ્બર સુધી ભાજપના ૩ સાંસદોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. તેવામાં યૂપીથી ૮ સાંસદો રાજ્યસભા પહોંચ્યા બાદ ભાજપના સભ્યોની સંખ્યા ૮૬થી વધીને ૯૧ થઈ ગઈ છે. ઉત્તારાખંડમાં રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપ સિવાય કોઈ અન્ય ઉમેદવાર મેદાનમાં નથી, જેના કારણે નરેશ બંસલ બિનહરીફ ચૂંટાશે. તો કોંગ્રેસનો

● અનુસંધાન પાન-૭ પર

# રાજસ્થાનમાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ

જયપુર,તા.૨

રાજસ્થાન સરકારે ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. રાજયમાં કોરોના વાયરસની મહામારીને ફેલાતી અટકાવવા માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યું કે કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને લોકોના હિતમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ઓક્ટોબર માસમાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ૫૮.૯ ટકાના સ્તરે

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના વાયરસની મહામારીનું સંક્રમણ ફરી વધતા દુનિયાભરના કેટલા દેશોમાં ફરી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ ભારતીય અર્થતંત્રમાં રિકવરીના સંકેત મળી રહ્યા છે. તેમાં ઓકટોબર મહિનામાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ઉત્પાદન વધતા એક નવો રેકોર્ડ બન્યો છે. આઈએચએસ માર્કિટ દ્વારા સંકલિત નિક્કી મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ગ્રોથ ઓક્ટોબરમાં ૫૮.૯ ટકાના સ્તરે રહ્યો છે, જે ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં ૫૬.૮ના સ્તરે હતો. આવી રીતે ગત ઓકટોબર મહિનામાં ભારરતના મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ગ્રોથમાં વર્ષ ૨૦૦૭ પછી સૌથી ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. આવી રીતે ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સતત ત્રીજા મહિને સકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે.

પીએમઆઈમાં ૫૦થી ઉપરનું લેવલ વૃદ્ધિના સંકેત આપે છે જ્યારે તેનાથી નીચેનું લેવલ સંકોચન દર્શાવે છે. રિપોર્ટ મુજબ માંગ અને ઉત્પાદનમાં જંગી વૃદ્ધિથી મેન્યુફેક્ચરિંગ કામકાજમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. તેમ છતાં રોજગારીના મોરચે સારા અહેવાલ મળ્યા નથી.